# અડવાણીનો ઐતિહાસિક વિજય : ૪૮૩૧૨૧ મતોની સરસાઈ


## મતગણતરીના પ્રથમ રાઉન્ડથી જ અડવાણીએ લીડ જાળવી રાખી : કોંગ્રેસના કીરીટ પટેલને માત્ર ૨૯૦૪૧૮ મત મળ્યા : ચૂંટણીની મતગણતરી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન

ગાંધીનગર, તા. ૧૬

હમ મોદીજી કો લાનેવાલે હૈ... અચ્છે દિન આને વાલે હૈ... લોકસભાની ચૂંટણીના પરિણામ બાદ આ પંક્તિ સાચા અર્થમાં ચરિતાર્થ થઈ હોવાનું સ્પષ્ટ થયું છે. સમગ્ર દેશમાં ભાજપને પ્રબળ જનસમર્થન મળતા અબ કી બાર મોદી સરકારનું સ્લોગન હવે ચૂંટણીલક્ષી રહ્યું નથી. મોદીની આ પ્રબળ લહેર વચ્ચે ગાંધીનગર બેઠક પરથી ભાજપના રાષ્ટ્રીય નેતાએ પણ પી.એમ. પદના ઉમેદવાર જેવી જ શાનદાર જીત મેળવી છે. લાલકૃષ્ણ અડવાણીએ કોંગ્રેસના કિરીટ પટેલ સામે ૪,૮૩,૧૨૧ મતોથી ભવ્ય વિજય હાંસલ કર્યો છે. મતગણતરીના પ્રથમ રાઉન્ડથી જ અડવાણીના મતોની સરસાઈ યથાવત રહી હતી.

મતગણતરીના ૨૩ રાઉન્ડમાં સતત અડવાણીના મતોની સરસાઈનો આંકડો વધતો ગયો હતો. આખરે મતગણતરીના અંતે તેમને ૭,૭૩,૫૩૯ મતો પ્રાપ્ત થયા હોવાનુ સ્પષ્ટ થયું હતું. જ્યારે કોંગ્રેસના કિરીટ પટેલને ૨,૯૦,૪૧૮ મતો પ્રાપ્ત થયા હતા. આમ અડવાણીએ અત્યાર સુધીમાં સૌથી વધુ ૪,૮૩,૧૨૧ મતોની લીડથી ઐતિહાસિક વિજય મેળવ્યો છે.

લોકસભાની ચૂંટણીના પરિણામના દિવસે આજે સે. ૧૫ સ્થિત સરકારી કોલેજમાં સવારે ૮ વાગ્યાથી મતગણતરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાંથી પણ કુલ ૧૮ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. જેમાં પ્રથમ રાઉન્ડની ગણતરીના અંતે અડવાણીને ૨૩૩૬૦ અને કિરીટ પટેલને ૧૩૪૫૬ મત મળ્યા હતા. પ્રથમ રાઉન્ડની જ અડવાણી ૯ હજારથી વધુ મતોની સરસાઈ મેળવી લીધી હતી. ત્યારબાદ બીજા રાઉન્ડમાં અડવાણીએ ૫૨૫૮૩ મતો સુધી લીડ મેળવી લીધી હતી. મતગણતરીના ત્રીજા અને ચોથા રાઉન્ડના અંતે પણ અડવાણીના મતોની સરસાઈ ૧ લાખથી વધી ગઈ હતી. જ્યારે



મતગણતરીના એક પછી એક તબક્કામાં સરસાઈનો આંકડો સતત વધતો ગયો હતો. શરૂઆતથી જ ચૂંટણીનું પરિણામ વન સાઈટ હોવાનુ સ્પષ્ટ થઈ ગયું હતું. જ્યારે ૨૩ રાઉન્ડની મતગણતરી અને પોસ્ટલ બેલેટના કાઉન્ટીંગના અંતે અડવાણીને ૭,૭૩,૫૩૯ તેમજ કોંગ્રેસના કિરીટ પટેલને ૨,૯૦,૪૧૮ મતો પ્રાપ્ત થયા હતા. અડવાણીને ૪,૮૩,૧૨૧ મતોની જંગી બહુમતીથી વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

આમ આદમી પાર્ટીના ઉમેદવાર ઋતુરાજ મહેતાને માત્ર ૧૯૯૬૬ મતો મળ્યા હતા. મતગણતરી દરમિયાન ૧૫૧૯ મતો રદ થયા હતા. જ્યારે પાંચેય પોષ્ટલ બેલેટ અન્વયે પણ ૮૩૫૮ મતોની ગણતરી થઈ હતી. આ પૈકી અડવાણીને ૩૪૨૧ અને કિરીટ પટેલને ૨૮૩૪ મત મળ્યા હતા. સવારે ૮ વાગ્યાથી શરૂ થયેલી મત ગણતરીની કાર્યવાહી સાંજે ૫ વાગ્યા સુધી ચાલી હતી. મતગણતરી કેન્દ્રને અનુલક્ષી ચુસ્ત બંદોબસ્તના લીધે કોઈ અનિચ્છનીય બનાવ બનવા પામ્યો ન હતો. મતગણતરી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી. મતગણતરી દરમિયાન જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પી. સ્વરૂપે તેમજ ભારતીય ચૂંટણી પંચ દ્વારા નિમાયેલા ઓબ્ઝર્વર વિનોદ અજમેરાએ સતત નિરિક્ષણ કર્યુ હતુ. સાતેય વિધાનસભા મતવિસ્તારમાંથી ૧૨,૭૭૭ મતો મતો નોટામાં પડ્યા હતા.

ચૂંટણીનું પરિણામ ભાજપ માટે અત્યંત ફેવરેબલ હોવાનું મનાઈ રહ્યું હતું. જેના પગલે સમગ્ર દેશમાં ભાજપની જીત નિશ્ચિત હતી. આવા સંજોગોમાં કોંગ્રેસ કે ભાજપના નેતાઓમાં પરિણામલક્ષી ઉત્તેજના જોવા મળી ન હતી. ભાજપના કાર્યકરો શરૂઆતથી જ વિજયનો જશ્ન મનાવવા ઉત્સુક હતા જ્યારે મતગણતરી કેન્દ્ર આસપાસ કોંગ્રેસના શહેરી વિસ્તારના બે ત્રણ નેતાઓ સિવાય કોઈ જોવા મળ્યું ન હતું !!

### ૭ વિધાનસભા વિસ્તારમાં અડવાણી અને કિરીટ પટેલના મતો વચ્ચેનો તફાવત

| | અડવાણી | કિરીટ પટેલ |
|---|---|---|
| ગાંધીનગર ઉત્તર | ૭૭,૦૪૪ | ૪૮,૨૯૩ |
| કલોલ | ૭૩,૭૮૬ | ૪૯,૩૪૫ |
| સાણંદ | ૮૬,૧૪૫ | ૪૧,૯૪૫ |
| ઘાટલોડીયા | ૧,૭૮,૯૩૧ | ૩૧,૫૫૭ |
| વેજલપુર | ૧,૨૩,૮૬૫ | ૬૧,૬૬૨ |
| નારણપુરા | ૧,૧૩,૩૭૯ | ૨૭,૬૨૪ |
| સાબરમતી | ૧,૧૬,૯૬૮ | ૨૭,૧૫૮ |
| પોષ્ટલ બેલેટ | ૩,૪૨૧ | ૨,૮૩૪ |
| કુલ | ૭,૭૩,૫૩૯ | ૨,૯૦,૪૧૮ |

### સચિવાલયમાં કર્મચારી એસોસિએશન કર્મચારીઓને મીઠું મોં કરાવી ભાજપના વિજયને વધાવશે

નરેન્દ્ર મોદી અને ભાજપને મળેલા ભવ્ય વિજયને વધાવવા સચિવાલય કર્મચારી એસોસિએશન દ્વારા આવતીકાલે તમામ વિભાગોમાં પેંડા વહેંચીને વિજય મનાવશે. સચિવાલય સૂત્રો પાસેથી મુજબ લોકસભા ચૂંટણીમાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને ભાજપને મળેલા ભવ્ય વિજયની ખુશીમાં સહભાગી થવા અને તેમના વિજયને વધાવવા માટે સચિવાલય કર્મચારી એસોસિએશન દ્વારા આવતીકાલે વિજયોત્સવ મનાવવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## મારી હાર માટે અડવાણી નહીં મોદીનુ વાવાઝોડુ જવાબદાર : કીરીટ પટેલ

હું અડવાણીના કારણે નથી હાર્યો... આખા દેશમાં મોદીનુ વાવાઝોડુ ફરી ગયું છે. એક ગુજરાતી દેશના પ્રધાનમંત્રી બનવા જઈ રહ્યા છે તે ખુશીની વાત છે. ગુજરાતીઓએ પણ પ્રબળ સમર્થન આપ્યું છે. ત્યારે કોંગ્રેસે હવે મંથન કરવાનો સમય પાકી ગયો છે. આ વિધાનોનુ ગાંધીનગર બેઠક પરથી કારમી હાર મેળવનાર કોંગ્રેસના કીરીટ પટેલે પરિણામ બાદ ઉચ્ચારણ કર્યુ હતુ. અડવાણી છેલ્લા બે દાયકાથી વધુ સમયથી ગાંધીનગરના સાંસદ તરીકે પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. મોદીથી નારાજ થનારા અડવાણી સામે લોકો નારાજગી દાખવતા હોવાનુ માનતા કોંગ્રેસના નેતાઓને કદાચ અડવાણીની આટલી ભવ્ય જીતની કલ્પના હશે નહીં !! મતગણતરીના સ્થળે કોંગ્રેસના કોઈ



(તસવીર : દિપક જાની)

નેતા કે કાર્યકરો ફરક્યા ન હતા જ્યારે કોંગ્રેસના ઉમેદવાર કીરીટ પટેલ પણ પાંચ થી સાત રાઉન્ડની મતગણતરીના અંતે જોવા મળ્યા ન હતા. અડવાણી મતગણતરીના પ્રથમ રાઉન્ડથી જ લીડમાં રહ્યા હતા.

### સાત વિધાનસભા વિસ્તારમાં અડવાણીના મતોની સરસાઈ

| | |
|---|---|
| ગાંધીનગર ઉત્તર | ૨૮,૭૫૧ |
| કલોલ | ૨૪,૪૪૧ |
| ઘાટલોડિયા | ૧,૪૭,૩૪૪ |
| સાણંદ | ૪૪,૨૦૦ |
| વેજલપુર | ૬૨,૨૩૯ |
| નારણપુરા | ૮૫,૭૫૫ |
| સાબરમતી | ૮૯,૮૧૦ |

### શ્રી કમલમ્‌માં ભારત માતાના નકશામાં મોદીની આબેહુબ પ્રતિકૃતિમાં રંગોળી કરાઈ

કોબા નજીક શ્રીકમલમ્ ખાતે સાંજે ચાર વાગે મુખ્યમંત્રીશ્રી મોદી વિજયને વધાવવા પહોંચ્યા ત્યારે ઉપસ્થિત કાર્યકરોએ ભારત મતા કી જય ગુજરાત કે લાલ તુમ આગે બઢો જેવા નારાઓથી વાતાવરણને ગજવી દીધુ હતુ. શ્રીકમલમ્‌માં પ્રમુખશ્રીના કાર્યાલય નજીક ભારત માતાનો નકશો બનાવી તેમાં મોદીની આબેહુ પ્રતિકૃતિની રંગોળી કરાઈ હતી. કાર્યાલયમાં કાર્યકરોને પેંડા મોદક તેમજ બુંદીના લાડુ ખવડાવી કાર્યકરોના મો મીઠા કરાવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ પ્રદેશ કાર્યાલય ખાતે ગુજરાતના પ્રભારી શ્રી ઓમ માથુર, ચૂંટણી ઈન્ચાર્જ શ્રી પુરષોત્તમ રૂપાલા, શ્રી આઈ.કે. જાડેજા, પ્રદેશ પ્રમુખ શ્રી ફળદુ, રાજ્ય મંત્રી મંડળના સભ્યો શ્રીમતી આનંદીબેન પટેલ સહિત આગેવાનો સાથે થોડી મિનિટો ગાળી હતી.



સેક્ટર-૨૪માં રહેતા સ્નેહલભાઈ ડાભી અને લોપાબેન ડાભીએ શ્રી નરેન્દ્રભાઈ મોદીને જંગી બહુમતીથી જીત પ્રાપ્ત થાય તે માટે ઉપવાસ રાખ્યા હતા. પરિણામો જાહેર થતા જ આ દંપતિએ એકબીજાને મોઢું મીઠું કરાવી પારણા કર્યા હતા અને નરેન્દ્રભાઈ મોદીના સુદ્દઢ આયોજન માટે પ્રભુ પાસે કામના કરી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

# ગાંધીનગરમાં મોદી મેઝીક છવાયો

## પ્રદેશ ભાજપ કાર્યાલય શ્રીકમલમ્ ખાતે હજારોની સંખ્યામાં સમર્થકો અને નેતાઓ ઉમટ્યા : સમર્થકોમાં અનેરો આનંદ ઉલ્લાસ : વાતાવરણમાં અનોખી મોદી મહેક





ગાંધીનગર, તા. ૧૬

કિતને બાજુ કિતને સર ગિનલે દુશ્મન ધ્યાન સે હારેગા વો હરબાજી જબ ખેલે હમ જી જાન સે... આજનો દિવસ ઈતિહાસના સુવર્ણ અક્ષરોમાં લખાઈ ગયો છે.

લોકતંત્રની આ ઐતિહાસિક ચૂંટણીમાં ભાજપે શાનદાર દેખાવ કરી કાદવમાં કમળ ખિલવ્યું છે અને આ જીતનો શહેરો સૌ કોઈ મોદીના શિરે બાંધી રહ્યા છે.

ભાજપની આ શાનદાર જીતને લઈ ગાંધીનગર સહિત સમગ્ર દેશમાં લોકો અને ભાજપના કાર્યકરો આનંદ અને ઉલ્લાસ ફેલાયો છે. સમગ્ર ગાંધીનગરમાં આજે લોકસભાનું પરિણામ આવતાની સાથે વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને વાતાવરણ મોદી મય બની ગયું હતું. ચારેબાજુ પરિણામની સાથે મોદીના ભવ્ય વિજયને સૌ કોઈએ વધાવી લીધો હતો. બપોરે ૧૨ કલાકે જીતની ખુશી સાથે નરેન્દ્ર મોદી પોતાના માતૃશ્રી હિરાબાના આશિર્વાદ લેવા સેક્ટર-૨૨ ખાતે તેમના નાના ભાઈના નિવાસસ્થાન આવી પહોંચ્યા હતા અને માતાના આશિર્વાદ લઈ તેઓ ગુજરાત ભાજપના પ્રાદેશિક કાર્યાલય શ્રીકમલમ્ પહોંચ્યા હતા.

જીતની બધાઈ દેવા હજારોની સંખ્યામાં ભાજપના સમર્થકો કાર્યકરો ફુલો અને ઝંડા લઈ આવી પહોંચ્યા હતા. હજારોની સંખ્યામાં આવેલા મોદી સમર્થકોના નમો-નમો નારાથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. ભવ્ય આતશબાજી કરી મીઠાઈ વહેંચી જીતને વધાવી હતી. ગાંધીનગર-કોબા હાઈ-વે સ્થિત શ્રી કમલમ્ ખાતે પ્રદેશ ભાજપ નાના-મોટા સૌ કોઈ નેતા પોતાના સમર્થકો સાથે ઉમટી પડ્યા હતા. મોદીને મળવા અને તેને હાથ મીલાવવા સમર્થકોમાં પડાપડી જોવા મળી હતી. અંતે મોદીએ પણ સમર્થકોને વિક્ટ્રીનું નિશાન બતાવ્યું હતું અને સૌનુ અભિવાદન જિલ્યુ હતુ.

### કોને કેટલા મત મળ્યા ?

| નામ | મતો | ટકાવારી |
|---|---|---|
| એલ.કે. અડવાણી | ૭,૭૩,૫૩૯ | ૬૮.૦૩૨ |
| કિરીટભાઈ આઈ. પટેલ | ૨,૯૦,૪૧૮ | ૨૫.૫૪૨ |
| ઋતુરાજ મહેતા | ૧૯,૯૬૬ | ૦૧.૭૫૬ |
| નિરંજન ઘોષ | ૬,૦૬૮ | ૦.૫૩૩ |
| અજમલભાઈ આર. વાણિયા | ૧,૬૩૯ | ૦.૧૪૪ |
| રવાજી જુહાજી ઠાકોર | ૮૦૯ | ૦.૦૭૧ |
| પિયુષ દશરથલાલ પટેલ | ૬૫૩ | ૦.૦૫૭ |
| મનોજ જે. નાયક | ૬૮૩ | ૦.૦૬૦ |
| ચંદ્રસિંહ જે. ઠાકોર | ૬૬૮ | ૦.૦૫૮ |
| દિપીકાબેન સુતરીયા | ૬૮૪ | ૦.૦૬૦ |
| ખોડાભાઈ એલ. દેસાઈ | ૭૯૩ | ૦.૦૬૯ |
| ગણપતભાઈ એમ. પગી | ૯૨૪ | ૦.૦૮૧ |
| બિરજુસિંહ એમ. ક્ષત્રિય | ૯૮૪ | ૦.૦૮૬ |
| સંજય એ. બ્રહ્મભટ્ટ | ૧,૪૭૪ | ૦.૧૨૯ |
| રાજ પ્રજાપતિ | ૩૧૭૭ | ૦.૨૭૯ |
| રાહુલ સી. મહેતા | ૯,૭૬૭ | ૦.૮૫૯ |
| કિશોરસિંહ એમ. વાઘેલા | ૬,૭૦૫ | ૦.૫૮૯ |
| એમ.કે. શાહ | ૩,૭૬૭ | ૦.૩૧૩ |
| ઉપર પૈકીના એકેય નહિ (નોટા) | ૧૨,૭૭૭ | ૧.૧૨૩ |
| પોષ્ટલ બેલેટના મતો | ૮,૩૫૮ | |
| રદ થયેલા મતો | ૧,૫૧૯ | |
| ઉમેદવારોએ કુલ મેળવેલ મતો | ૧૧,૩૭,૦૧૪ | |

### કોંગ્રેસની હાર માટે યુ.પી.એ. સરકારની નિષ્ફળતા જવાબદાર : સુરેન્દ્ર પટેલ

અડવાણીનો જંગી બહુમતીથી વિજય થતા પ્રદેશ ભાજપના સુરેન્દ્ર પટેલે તેમની ભવ્ય જીત બદલ જનતાનો આભાર માન્યો હતો. મતગણતરી કેન્દ્રની મુલાકાતે આવેલા પ્રદેશ ભાજપના અગ્રણી પટેલે જણાવ્યું હતું કે કોંગ્રેસનું છેલ્લા ૧૦ વર્ષથી અત્યંત ખરાબ પરફોર્મન્સ તેમની કારમી હાર માટે જવાબદાર છે. નરેન્દ્ર મોદીએ ગુજરાતનો સુઆયોજિત વિકાસ કર્યો છે. જ્યારે હવે સમગ્ર દેશનો વિકાસ થશે. અડવાણીની જીત માટે તેમણે હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. આ તબક્કે તેમણે યુ.પી.એ. સરકારની નિષ્ફળતા કોંગ્રેસના આ હાર માટે જવાબદાર હોવાનુ પણ જણાવ્યું હતું.

### ભાજપના વિજયથી ગાંધીનગરમાં દિવાળીનો માહોલ

ગાંધીનગર, તા. ૧૬

લોકસભાની ચૂંટણીના પરિણામ જાહેર થતા દેશમાં ખુશીનુ મોજુ ફરી વળ્યું છે. દેશમાં આવેલ રાજકીય વાવાઝોડામાં એન.ડી.એ સિવાયના સાથી પક્ષોના છાપરારૂપી પક્ષો શોધ્યા મળે તેમ નથી. એન.ડી.એ.ને મળેલ બહુમતીને શહેર મહાનગર ભાજપ દ્વારા દિવાળીમાં ફેરવવામાં આવ્યો હતો. રાત્રે ફટાકડા ફોડી ભવ્ય આતશબાજી કરવામાં આવી હતી.

ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા ભાજપને દેશમાં સંપૂર્ણ બહુમત મળતા દિવાળી મનાવવામાં આવી હતી. આજે સાંજે ૭.૦૦ વાગ્યાથી મહાનગર ભાજપ દ્વારા સે. ૨૧માં આવેલ કમલમ કાર્યાલય ખાતેથી વિજયી રેલી યોજવામાં આવી હતી. આ રેલી શહેરના અલગ-અલગ વિસ્તારમાં ફરીને સાંજે ૮.૦૦ વાગે ઘ-૪ સર્કલે પહોંચી હતી.

વિજયી રેલીમાં ગાંધીનગર મહાનગરના પ્રમુખ નીતિન પટેલ, ધારાસભ્ય અશોક પટેલ, મેયર મહેન્દ્રસિંહ રાણા, શહેર મોરચાના હોદ્દેદારો અને કાર્યકરો જોડાયા હતા. આ રેલી ઘ-૪ સર્કલે પહોંચી ત્યારે ભાજપાના કાર્યકરો દ્વારા ફટાકડા ફોડી ભવ્ય આતશબાજી કરવામાં આવી હતી. તેમજ અબ કી બાર મોદી સરકાર, દેશકા નેતા કૈસા હો, નરેન્દ્ર મોદી જૈસા હો ના નારા લગાવવામાં આવ્યા હતા.

ઘ-૪ સર્કલે ભાજપના કાર્યકરો દ્વારા મોદીના વિજયી ઉત્સવને દિવાળીમાં ફેરવવામાં આવ્યો હતો. ત્યારે ભારત દેશ ૨૯ વર્ષ બાદ ક્રિકેટ વર્લ્ડ કપ જીત્યો ત્યારે ઘ-૪ સર્કલે જે દશ્યો સર્જાયા હતા તેવા દશ્યો આજે સર્જાયા હતા. કાર્યકરો ઘેલમાં આવીને ભવ્યાતિભવ્ય આતશબાજી કરી હતી. સતત એક કલાક સુધી કાર્યકરો દ્વારા ફટાકડા ફોડી વિજય મનાવવામાં આવ્યો હતો.

### ભાજપ કે કોંગ્રેસના કોઈ મોટા નેતા મતગણતરી કેન્દ્ર પર ફરક્યા નહી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર લોકસભા બેઠકની મત ગણતરી સેક્ટર-૧૫ સરકારી કોલેજમાં યોજવામાં આવી હતી. દેશભરમાં સવારથી મતગણતરી શરૂ થતા ફૂંકાયેલી મોદી આંધીની અસર ગાંધીનગર બેઠક પર પણ જોવા મળી હતી. આ બેઠક પર પણ પરિણામ એક તરફી હોવાનો માહોલ પહેલેથી જ હોવાના કારણે મતગણતરી કેન્દ્ર પર કોંગ્રેસના ઉમેદવાર કિરીટ પટેલ સિવાય ભાજપ કે કોંગ્રેસના અન્ય કોઈ મોટા નેતા ફરક્યા નહોતા.

મતગણતરી પ્રારંભ થતાની સાથે જ ભાજપે લીડ સાથે આ બેઠક પર પક્કડ જમાવી રાખી હતી. મતગણતરી કેન્દ્ર પર કડક સુરક્ષા વ્યવસ્થાનો ચાંપતો બંદોબસ્ત કરવામાં આવ્યો હતો. મતગણતરી કેન્દ્રથી ૫૦૦ મીટર સુધીના પરીઘમાં કોઈને પણ પ્રવેશ આપવામાં આવ્યો નહોતો. જેમ જેમ મતગણતરી આગળ વધતી ગઈ તેમ તેમ સ્થિતિ ગણતરીના કલાકોમાં જ સ્પષ્ટ હતી કે અડવાણી ભારે બહુમતીથઈ જીતી રહ્યા છે. કોંગ્રેસના ઉમેદવાર કિરીટ પટેલ આશરે એક વાગ્યા સુધી હાજર રહ્યા હતા. પરંતુ અડવાણીએ ત્યાં સુધીમાં મોટી સરસાઈ હાંસલ કરી લેતા તેમણે પણ ચાલતી પકડી હતી. આ સિવાય ભાજપ કે કોંગ્રેસના કોઈ મોટા નેતા કે સ્થાનિક નેતા મતગણતરી કેન્દ્ર પર દેખાયા નહોતા.